565

રાજયમાં નાના ધંધા રોજગાર કરવા માટે
નબળા વર્ગના લોકોને સાધન ઓજાર સ્વરૂપે
સહાય આપવાની જુદા જુદા વિભાગોની
યોજનાઓમાં એક સરખા વ્યવસાયો માટેની
ટુલકીટસના સાધનની સંખ્યા અને કિંમત
નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ
ક્રમાંક: ટીઓપી-૧૦/૨૦૧૦/૭૭૨૫૦૬-ખ
સચિવાલય,ગાંધીનગર
તા. ૧/૧/૨૦૧૧

વંચાણે લીધા:-
૧) ઉધોગ અને ખાણ વિભાગનો તા.૧૯/૯/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: એસએઆઇ-૧૪૯૫-૩૩૨૬-ભાગ-૩-ખ
૨) અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ની તા:૮-૯-૨૦૧૦ ની નોંધ

**આમુખ:-**

રાજય સરકારના ઉધોગ અને ખાણ વિભાંગની માનવ કલ્યાણ યોજના, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ કલ્યાણ વિભાગની માનવ ગરીમા યોજના તથા નિયામકશ્રી સમાજ સુરક્ષા હેઠળની વિકલાંગ સહાય યોજના હેઠળ જુદી જુદી એજન્સીઓ મારફતે જુદી જુદી કિંમતના, સ્પેસીફીકેશન તેમજ સંખ્યામાં રાજયના નબળા વર્ગના લાભાર્થીઓને સ્વરોજગાર માટે ટુલકીટ/ સાધન સહાય આપવામાં આવે છે. તમામ લાભાર્થીઓને એક જ પ્રકારના વ્યવસાય માટે એક સરખા સ્પેસીફીકેશનવાળા અને એકજ સરખી સંખ્યામાં સાધનો મળી રહે તે માટે તેવા ટ્રેડ અને સાધનોની સંખ્યા સાથે તેવી ટુલકીટની મહત્તમ નાણાકીય મર્યાદા નક્કી કરવાની બાબત રાજય સરકારમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ઉપરોકત દરખાસ્તને કાળજીપુર્વક વિચારણા કરીને, રાજય સરકારના ઉધોગ અને ખાણ વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગોની વિવિધ યોજનાઓ મારફતે રાજયના ગરીબ અને નબળા વર્ગના લોકોને સ્વરોજગારના હેતુથી ટુલકીટ/ સાધન સહાય યોજના માટેના જુદાજુદા વ્યવસાયો (ટ્રેડ) પૈકી સમાન ટ્રેડના દરેક લાભાર્થી માટે ટુલકીટની સંખ્યા અને જે તે ટુલકીટસ માટેની મહત્તમ કિંમત મર્યાદા સાથે સામેલ જોડાણ-૧ મુજબ આથી ઠરાવવામાં આવે છે.

૫૭

66



૨) વિકલાંગ સહાય યોજના માટેના અન્ય વ્યવસાયોમાં અપાતા સાધનો અને તેની મહત્તમ કિંમત મર્યાદા જોડાણ-૨ મુજબની રહેશે.

૩) આ ઠરાવથી નિયત થયેલ જે તે ટુલકીટ માટેની મહત્તમ કિંમત મર્યાદા વર્ષ ૨૦૧૦-૧૧ તેમજ વર્ષ ૨૦૧૧-૧૨ માટે અમલમાં રહેશે. આમ છતાં વર્ષ ૨૦૧૧-૧૨ માટે નિયત થયેલ કિંમત કરતા ટેન્ડરમાં ઉંચા ભાવ મળે ત્યારે ૧૦% સુધીના ભાવફેર માન્ય રાખી શકાશે. નિયત નાણાકીય મર્યાદાથી ૧૦% વિશેષ ભાવ રહે તેવા કિસ્સામાં અલગ રીતે રાજય સરકારશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

૪) હવે પછી ટુલકીટની સાધનોની સંખ્યા અને કિંમતમાં આ ધોરણોમાં ફેરફારની જરુરીયાત જણાય ત્યારે સંબંધિત બધા વિભાગો ધ્વારા સંયુકત દરખાસ્ત તૈયાર કરી મુખ્ય સચિવશ્રી મારફતે રાજય સરકારના આદેશો મેળવવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર આદિજાતિ વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, તથા નાણાં વિભાગની અનુક્રમે તા.૧-૯-૨૦૧૦, તા. ૮-૯-૨૦૧૦ અને તા.૨૯-૧૦-૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આર.કે.શાહ)
નાયબ સચિવ

નકલ રવાના:-

૧. મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મા.મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
૨. મા.મંત્રીશ્રી સા.ન્યા.અને અધિ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૩. મા.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૪. મા. રા.ક. મંત્રીશ્રી (ઉ.ખા.) મા. રા.ક. મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૫. મુખ્ય સચિવશ્રી, સચિવાલય, સચિવાલય,ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સચિવશ્રી, (કુટીર ઉધોગ) ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૫૮

૧૧. કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર

૧૨. કમિશ્નરશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ, બીરસા મુન્ડા ભવન, ગાંધીનગર

૧૩. મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર

૧૪. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લી.,ગાંધીનગર

૧૫. નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ, જુના સચિવાલય,ગાંધીનગર

૧૬. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રુરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પો. લી. ગાંધીનગર

૧૭. નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગર

૧૮. સદસ્ય સચિવશ્રી, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જુના વાડજ,અમદાવાદ

૧૯. નાણા શાખા, બજેટશાખા, આયોજનશાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,

૨૦. સીલેકટ ફાઇલ

જોડાણ ૧

**ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧-૦૧-૧૧ ના ઠરાવ ક્રમાંક: ટીએજી-૧૦-૨૦૧૦-૭૭૨૫૦૬-ખ નુ જોડાણ**

| ક્રમ | વ્યવસાયનુ નામ | ટુલની સંખ્યા | ટુલકીટની કિંમત રુ |
|---|---|---|---|
| ૧ | કપડા રીપેરીંગ/ શીવણકામ | ૪ | ૩૩૦૦ |
| ૨ | દરજીકામ-મોટર વગર | ૩ | ૪૨૦૦ |
| ૩ | એમ્બ્રોઇડરીકામ | ૧ | ૪૫૦૦ |
| ૪ | ધોબીકામ/ઇસ્ત્રીકામ | ૩ | ૪૦૦૦ |
| ૫ | ભરતકામ | ૩ | ૩૦૦૦ |
| | | | અડધા આંટાનુ સિલાઇ મશીન |
| ૬ | સાવરણી સુપડા અને ટોપલી બનાવનાર | ૮ | ૩૭૦૦ |
| ૭ | બ્યુટી પાર્લર | ૨૧ | ૨૩૦૦ |
| ૮ | પાપડ ઉદ્યોગ | ૧૩ | ૩૧૦૦ |
| ૯ | શાકભાજી-ફળ વેચનાર | ૫ | ૪૧૦૦ |
| ૧૦ | કાપડ ફેરી હાથલારી ધ્વારા | ૫ | ૩૯૦૦ |
| ૧૧A | કટલરી-હોઝીયરી હાથલારી ધ્વારા વેચનાર | ૨ | ૩૭૦૦ |
| ૧૧B | કટલરી-હોઝીયરી સાયકલ ધ્વારા વેચનાર | ૪ | ૩૨૦૦ |
| ૧૨ | મીઠુ-ગોળ કરીયાણા વેચનાર | ૫ | ૪૩૦૦ |
| ૧૩ | લારી ખેંચનાર | ૨ | ૩૭૦૦ |
| ૧૪ | ઇંડાની લારી | ૧૧ | ૪૮૦૦ |
| ૧૫ | વિવિધ વસ્તુઓની ફેરી માટેની ટુલકીટસ | ૩ | ૩૮૦૦ |
| ૧૬ | સાયકલ ધ્વારા કાપડ ફેરી | ૫ | ૩૪૦૦ |
| ૧૭ | ફીશ વેચનાર | ૮ | ૩૪૦૦ |
| ૧૮ | માછલી પકડવી | ૩ | ૪૦૦૦ |
| ૧૯ | આઇસકેન્ડી ફેરી | ૨ | ૩૫૦૦ |
| ૨૦A | સાયકલ રીપેરીંગ (સાયકલ વગર) | ૨૧ | ૨૦૦૦ |
| ૨૦B | સાયકલ રીપેરીંગ (સાયકલ સાથે) | ૨૨ | ૪૪૦૦ |
| ૨૧ | વાયરમેન | ૧૭ | ૨૩૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | પ્લંમ્બીંગકામ | ૧૩ | ૪૧૦૦ |
| ૨૩ | કડીયાકામ | ૨૨ | ૪૨૦૦ |
| ૨૪ | ઇલેકટ્રોનીક્સ વસ્તુઓનુ રીપેરીંગકામ | ૨૬ | ૪૦૦૦ |
| ૨૫ | પેઇન્ટીંગ/રંગકામ/સાઇનબોર્ડ | ૭ | ૩૪૦૦ |
| ૨૬ | મોચીકામ | ૧૭ | ૩૯૦૦ |
| ૨૭ | ઓટો રીપેરીંગ | ૧૯ | ૩૩૦૦ |
| ૨૮ | હેન્ડ પંપ રીપેરીંગ | ૧૧ | ૪૩૦૦ |
| ૨૯ | ચાના સાધનો | ૧૧ | ૪૭૦૦ |
| ૩૦ | દુધ-દહી વેચાણ | ૧૩ | ૪૦૦૦ |
| ૩૧. | ઠંડા પીણા વેચાણ | ૫ | ૪૧૦૦ |
| ૩૨ | અલ્પાહાર વેચાણ | ૧૨ | ૪૮૦૦ |
| ૩૩ | કેટરર્સ(રસોઇકામ) | ૧૪ | ૩૧૦૦ |
| ૩૪ | પાન, બીડીનુ વેચાણ | ૮ | ૪૩૦૦ |
| ૩૫ | વાળંદકામ | ૧૨ | ૨૦૦૦ |
| ૩૬ | ઢોલ-ત્રાંસાના સાધનો | ૫ | ૩૬૦૦ |
| ૩૭ | લાઇટ ડેકોરેટર | ૧૩ | ૩૮૦૦ |
| ૩૮ | લુહારીકામ | ૧૭ | ૪૫૦૦ |
| ૩૯ | સુથારીકામ | ૨૦ | ૩૧૦૦ |
| ૪૦ | નેતર વાંસકામ | ૧૩ | ૨૧૦૦ |
| ૪૧ | સાયકલ | ૧ | ૨૪૦૦ |
| ૪૨ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૧૫ | ૨૬૦૦ |

(૬)

જોડાણ-૨

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧-૦૧-૧૧ ના ઠરાવ ક્રમાંક: ટીએપી-૧૦-૨૦૧૦-૭૭૨૫૦૬-ખ નુ જોડાણ

| ક્રમ | ઓજાર/ સાધન | કુલકીટની કિંમત રૂ |
|---|---|---|
| ૧ | ટ્રાયસીકલ | ૪૫૦૦ |
| ૨ | ફોલ્ડીંગ વ્હીલચેર | ૪૫૦૦ |
| ૩ | હીયરીંગ એઇડ | |
| | (અ) પોકેટ રેન્જ | ૧૧૦૦ |
| | (બ) કાન પાછળ લગાવવાનુ | ૩૫૦૦ |
| ૪ | ફોલ્ડીંગ સ્ટીક | ૪૦૦ |
| ૫ | એલ્યુમીનીયમની કાંખ ઘોડી (Cretches) | ૧૨૦૦ |
| ૬ | કેલીપર્સ | |
| | (અ) ઘુંટણ માટેના | ૧૫૦૦ |
| | (બ) પોલીયો કેલીપર્સ | ૨૫૦૦ |
| ૭ | બ્રેઇલ કીટ | ૧૫૦૦ |
| ૮ | M. R. કીટ (મંદ બુધ્ધીના બાળકો માટે) | ૧૮૦૦ |
| ૯ | સંગીતના સાધનો | ૨૫૦૦ |